# ભિલોડા તાલુકા મથક ખાતે બજારો સજ્જડ બંધ

## સ્ટેચ્યુ ઓફ યુનિટી સામે પ્રચંડ વિરોધ : ભીલીસ્તાન ટાઈગર સેના ધ્વારા બંધનું એલાન અપાયું : આદિવાસી સમાજના વિકાસ માટે નાણાં નહી ખર્ચાતા વિરોધ

ભારત દેશના ગુજરાત રાજ્યના પનોતા પુત્ર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ સંદર્ભે સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિરોધમાં અંબાજીથી ઉંમરગામ સુધીના આદિવાસી વિસ્તારમાં બંધનું એલાન અપાયું હતું.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે બજારો વહેલી સવારથી સજ્જડ બંધ રહ્યા હતા.નાના-મોટા વેપારીઓએ દુકાનો બંધ રાખી ધંધા-રોજગાર સદંતર બંધ રાખી બંધના એલાનને સમર્થન અપાયું હતું.સ્ટેચ્યુ ઓફ યુનિટીના થયેલા ઉદ્દ્ઘાટનને લઈને વિરોધ કર્યો હતો.નર્મદા જીલ્લાના કેવડીયા ખાતે ૧૮૨ મીટર વિશ્વની સૌથી ઉંચી



સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ કરાયું હતું.આદિવાસીઓની જમીનો છીનવી લેવાઈ છે તેવા વિરોધ સાથે આદિવાસી સમાજ ધ્વારા ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે.૩૧મી ઓક્ટોબર આદિવાસી સમાજ માટે કાળો દિવસના મેસેજ સોશીયલ મીડિયામાં વાયરલ કર્યા હતા.સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈને આદિવાસીઓએ વિરોધ નોંધાવ્યો હતો.સ્ટેચ્યુ ઓફ યુનિટી જેટલો ખર્ચ આદિવાસીઓના વિકાસ પાછળ કર્યો હોત તો ? અંબાજી થી ઉંમરગામ સુધીના વિસ્તારની કાયા પલટ થઈ હોત તેમ જણાવ્યું હતું.સરદારના નામે જંગલોની જમીનો હડપ કરી આદિવાસીઓને ખતમ કરવાની પેરવી કરી હોવાનું જણાવ્યું હતું.સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે રાજકારણ ખેલાઈ રહ્યું છે.સરદારએ ભારત દેશના નેતા હતા તેમના નામે રાજકારણ ન હોઈ શકે,જેમણે દેશને અખંડ બનાવવામાં મુખ્ય ભુમિકા અદા કરી પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જે ખર્ચ થયો એટલો જ ખર્ચ આદિવાસી સમાજના વિકાસ પાછળ કર્યો હોત તો કાયા પલટ થઈ ગઈ હોત !



પુષ્યનક્ષત્ર સોના ચાંદીની ખરીદી માટે પુષ્યનક્ષત્ર ખુબ જ શુભ ગણવામાં આવે છે. ઉપરાંત ઘરવખરીની વસ્તુઓ ખરીદવા માટે પુષ્યનક્ષત્ર ઉત્તમ ગણાય છે. ત્યારે ધનસુરામાં લોકોએ સોના, ચાંદીના ગરેણા અને ઘરવખરીની વસ્તુઓની ખરીદી કરી હતી. વેપારીઓએ ચોપડાપૂજન માટે ચોપડાની પણ ખરીદી કરી હતી. સાથે લોકોએ બાઈક, કાર, ફ્રીઝ અને ટીવી અને કારની પણ ખરીદી કરી હતી. આજના દિવસે શુભ ગણાતું હોવાથી લોકોએ મોટી સંક્યામાં ખરીદી કરી હતી.

# ડીસામાં ભરબપોરે ફટાકડાની દુકાનમાં આગ લાગતા અફડાતફડી

ડીસા

બનાસકાંઠામાં દિવાળીના આગમન પૂર્વે ઠેરઠેર બિન અધિકૃત રીતે ફટાકડાના સ્ટોલ ખુલી ગયા છે.કોઈ પણ જાતની મંજૂરી કે સલામતીની વ્યવસ્થા વગર ધમધમી રહેલા ફટાકડાના સ્ટોલ જોખમી બનવાની દહેશત વચ્ચે આજે ડીસા શહેરમાં નગરપાલિકા કચેરી સામે આવેલી ફટાકડાની દુકાન અચાનક આગમાં લપેટાતા અફડાતફડી મચી ગઈ હતી.આગ લાગતા આજુબાજુની ત્રણ દુકાનો પણ આગની લપેટમાં આવી જતા વ્યાપક નુકસાન થવા પામ્યું હતું. આ બનાવના પગલે ડીસા શહેરમા પરવાના વગર આડેધડ શરૂ થયેલી ફટાકડાની દુકાનો ટપોટપ બંધ થઈ ગઈ હતી.

દિવાળીના તહેવારો નજીક હોઈ ડીસા શહેરમાં ફટાકડાની દુકાનો શરૂ થઈ ગઈ છે ત્યારે આજે બજારમાં ભરબપોરે અચાનક આતશબાજી શરૂ થઈ ગઈ હતી.



ડીસા ખાતે નગરપાલિકા કચેરી સામે આવેલી ફટાકડાની દુકાનમાં આજે બપોરે અચાનક આગમાં લપેટાઈ ગઈ હતી. નગરપાલિકા કચેરી સામે આવેલ ખાતરની દુકાનના સંચાલકે ફટાકડાનું સીઝનલ કાઉન્ટર લગાવ્યું હતું. આ કાઉન્ટરમાં આજે અચાનક આગ લાગતા ચારેબાજુ આતશબાજી થવા લાગી હતી અને ખાતરની દુકાન સહિત આજુબાજુની અન્ય બે દુકાનો પણ આગની લપેટમાં આવતા વ્યાપક નુકશાન થયું હતુ.

આ ઘટનાના પગલે બાજુમાં જ આવેલ દેના બેન્કના એટીએમનો બહારનો ભાગ પણ સળગી ગયો હતો. ભર બજારમાં આગના બનાવથી ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.જોકે નગરપાલિકા કચેરી સામે જ આગ લાગી હોવા છતાં પાલિકાની ફાયર ફાઈટર ટિમ ખૂબ જ વિલંબથી આવતા આગ ઝડપથી પ્રસરી ગઈ હતી જેથી મોટું નુકસાન થયું હતું.ડીસા શહેરમાં માત્ર પાંચ દુકાનદારોએ જ ફટાકડાના વેચાણ માટે લાયસન્સ લીધા છે.જોકે શહેરમાં એક સો થી વધુ દુકાનોમાં ગેરકાયદેસર રીતે ફટાકડાનો સીઝનલ ધંધો થઈ રહ્યો છે.આવી સ્થિતિમાં આવી દુકાનો દિવાળી પૂર્વે બીજી કોઈ હોનારત સર્જે તે પૂર્વે તંત્ર લાયસન્સ વગર ફટાકડાનું વેચાણ કરતા વેપારીઓ સામે પગલા લે તે જરૂરી જણાઈ રહ્યું છે.

# લોકશાહીનું હનન કરતી ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની સાધારણસભા યોજાઈ હતી. જ્યાં બહુમતિ હોવા છતાં ચર્ચાથી દૂર ભાગતા શાસક પક્ષે ફરીએકવાર બહુમતિના જોરે ગણતરીની મિનિટોમાં બોર્ડ આટોપી લીધું હતું. ત્યારે લાલઘૂમ બનેલા વિપક્ષે હોબાળો મચાવતા શાસક પક્ષના વલણને લોકશાહી નું હનન ગણાવ્યુ હતું.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની સાધારણ સભા વંદે માતરમના ગાન સાથે શરૂ થઈ હતી. જ્યાં એજન્ડા નંબર એક ગત સાધારણ સભાની કાર્યવાહીનો મુદ્દો વંચાણે લેવામાં આવતાં વિરોધપક્ષના નેતા અમૃતભાઈ જોષીએ ગત કાર્યવાહીના ઠરાવો સહિત એજન્ડા પરની ફાઈલો વાંચવા મળતી ન હોવાની રજૂઆત કરતાં પ્રમુખ અશોકભાઈ ઠાકોરે કોગ્રેસના અન્ય સભ્યોને પ્રશ્ન કરી કોને ફાઈલો વાંચવા મળી નથી તેવી પૃચ્છા કરી હતી. જેમાં ત્રણ જણાએ આંગળી ઉંચી કરી હતી. આ મુદ્દે વિરોધપક્ષના નેતા અને પ્રમુખ વચ્ચે રકઝક થવા પામી હતી. જે દરમિયાન પ્રમુખે બહુમતીના જોરે એક પણ એજન્ડા ઉપર ચર્ચા કર્યા વિના માત્ર બે જ મિનિટમાં સાધારણસભા પુરી કરી દીધી હતી. આ મુદ્દે વિરોધપક્ષના સભ્યોએ વિરોધ નોંધાવી હોબાળો મચાવતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

# પ્રાંતિજ તપોધન ફડીમાં તસ્કરો ત્રાટક્યા

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે રાત્રીના સમયે બંધ મકાનનાં તાળાં તોડી



અજાણ્યાં તસ્કરો દ્વારા રોકડ રકમ સોના-ચાંદીના દાગીના સહિત કુલ-૧,૫૧,૦૦૦ની ચોરી કરી અજાણ્યાં ત્રસ્કરો પ્રલાય થતાં મકાન માલિક દ્વારા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલિસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ ખાતે છેલ્લાં બે દિવસથી તસ્કરો સક્રિય થતા એક પછી એક ચોરીને અંજામ આપે છે ત્યારે પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ, રાવલ પીટીસી કોલેજ, ગીનપાર્ક અને તપોધન ફડી ખાતે રહેતાં રાકેશકુમાર બાબુભાઈ રાવલના બંધ મકાનના રાત્રી દરમ્યાન અજાણ્યાં તસ્કરો દ્વારા તેમનાં મેન દવાજાનો નકુચો તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનમાં રહેલ તિજોરીના તાળાં તોડી તિજોરીમાં રહેલ સરસામાન વેરવિખેર કરી તિજોરીમાં રહેલ સોના-ચાંદીના દાગીના જેમાં સોનાનો હાર નંગ-૧ આશરે અઢી તોલા જેની કિંમત-૫૦,૦૦૦, સોનાની બંગડી નંગ-૨ આશરે બે તોલા જેની કિંમત-૪૦,૦૦૦ સોનાની વિટીનંગ-૬ આશરે દોઢ તોલા જેની કિંમત-૩૦,૦૦૦, લાખની ચિણીયો સોનું મઢેલ નંગ-૨ આશરે અડધો તોલો જેની કિંમત-૧૦,૦૦૦, ચાંદીના પાયલ જોડ-૧ આશરે બસો ગ્રામ જેની કિંમત-૨૦૦૦, ચાંદીનુ લોકેટ નંગ-૧ આશરે સો ગ્રામ જેની કિંમત-૧૦૦૦ તથા તિજોરીમાં મુકેલ રોકડ રકમ કુલ-૧૮,૦૦૦ તથા સોના ચાંદીના દાગીનાની કુલ રકમ-૧,૩૩,૦૦૦ મળી કુલ ૧,૫૧,૦૦૦ મત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થતાં મકાન માલિક રાકેશકુમાર બાબુલાલ રાવલ દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોધાવતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાંતિજ ખાતે છેલ્લાં ત્રણ દિવસથી ઘરફોટ ચોરીઓમાં એક પછી એક વધારો થઈ રહ્યો છે જેમાં અવરઓન હાઈસ્કુલ, વી.એસ. રાવલ પીટીસી કોલેજ, ગ્રીનપાર્ક સહિત તપોધન ફડીમાં અજાણ્યા તસ્કરો દ્વારા એક પછી એક ઘરફોડ ચોરીમાં વધારો થયો છે. ત્યારે પ્રાંતિજ નગરજનો દ્વારા રાત્રી દરમ્યાન પોલિસ પેટ્રોલિંગ કડક અને વિવિધ વિસ્તારોમાં પોલિસ પોઈંટ ગોઠવવામાં આવે તેવી માંગ હાલ તો ઉઠવા પામી છે.

# મોડાસા જીઆઈડીસીમાં વર્કશોપમાંથી ૬ લાખના કોપર કેબલ વાયરની ચોરી



અરવલ્લી જિલ્લામાં વાહનવ્યવહાર અને ટ્રાફિકથી ધમધમતા હજીરા નજીક આવેલ જીઆઈડીસી સંકુલમાં રોડ નજીક આવેલ સબ મર્શિબલ પંપ ઉત્પાદક અમી ઈન્ડસ્ટ્રીઝમાં સોમવારની રાત્રીના દસ વાગ્યાથી ૧૨ સુધીના સમયમાં અજાણ્યા ચોર ઈસમોએ રૂ.૬ લાખ ૧૭ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ જતા આ અંગે મોડાસા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધવાતા વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મા નગરપાલિકાની જનરલ સભા મુલત્વી રહી

### ખર્ચના મુદ્દે વિરોધપક્ષે કર્યો વિરોધ : વોક આઉટ કરીને દર્શાવ્યો વિરોધ

ખેડબ્રહ્મા, તા. ૩૧

ખેડબ્રહ્મા નગરપાલિકાનીસમાન્ય સભામા વિરોધપક્ષે ખર્ચના મુદ્દે વિરોધ કરી સભામાંથી વોક આઉટ કર્યો હતો. જેથી સભાના પ્રમુખે સભા મુલત્વી રાખી અને એજન્ડા મુજબના કામકાજ કરવા ૨ નવેમ્બરે પુનઃ સભા બોલાવવામાં આવી છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાના ચીફ ઓફિસર એચ.એ. લોઢાવલાના જણાવ્યા અનુસાર પાલિકાની સામાન્ય સભા મંગળવારના રોજ પ્રમુખ જલકબેન પટેલના અધ્યક્ષ સ્થાને મલી હતી. સભામાં સત્તાધારી પક્ષના૧૧ અને વિરોધપક્ષના ૧૪ સભ્યો હાજર હતા. સભામાં ગત સભાનું પ્રોસીડિંગ વાંચનના મુદ્દેથી જ વિરોધપક્ષ વિરોધ ચાલુ કર્યો હતો અને ખર્ચ અંગે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિરોધપક્ષના નેતા પ્રવિણસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે પગાર તથા પાણીના ખર્ચ બિલો સિવાય તમામ ખર્ચના બિલો લેખિતમાં વાંધા નોંધાવી સભામાંથી વોકઆઉટ કર્યો હતો. જેથી સભાના પ્રમુખ જલકબેન પટેલે સભાનું કામકાજ મુલત્વી રાખી અને આગામી ૨ નવેમ્બરે ફરીથી સભા રાખવામાં આવી છે.

# વિઠોદરમાં દલિતોને મંદિરમાં પ્રવેશ ન અપાતા જિલ્લા કલેકટરને રજૂઆત કરાઈ

ડીસા તાલુકાના વિઠોદર ગામે દલિતોને મંદિરમાં પ્રવેશ ન અપાતા ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. આ અંગે દલિત સમાજના લોકોએ પાલનપુર ખાતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી મંદિરના પુજારી વિરૂધ્ધ રજૂઆત કરી હતી.

ડીસા તાલુકાના વિઠોદર ગામમાં દલિતો સાથે આભડછેટ રાખી મંદિરમાં પ્રવેશ આપવામાં આવતો ન હોવાની બાબત પ્રકાશમાં આવી છે. આ અંગે વિઠોદર ગામના દલિત સમાજના લોકો પાલનપુર જિલ્લા કલેકટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ રજૂઆત કરી હતી. જેમાં જણાવાયું હતુ કે, ગામમાં દલિત સમાજના અઢીસો જેટલા મકાનો આવેલા છે. જ્યાં ગામમાં આવેલા આગ માતાના મંદિરના પુજારી દલિત સમાજના લોકોને મંદિરમાં પ્રવેશતા રોકી રહ્યા છે. અમારે દર્શન કે પ્રસાદી ચઢાવવાની હોય તો પુજારી દ્વારા આભડછેટ રાખી મંદિરમાં પ્રવેશ કરવાનો કોઈ અધિકાર નથી તેવું જણાવી જાતિ અપમાનિત કરવામાં આવી રહ્યા છે.

તાજેતરમાં છોડીવાડી ગામના દલિત વ્યકિતને પણ મંદિરમાં પ્રવેશ કરવા નહી દઈ તેમને જાતિ અપમાનિત કરવામાં આવ્યા હતા. ત્યારે મંદિરના પુજારી અને તેમના મળતીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી દલિત સમાજના લોકોની માંગ છે.

# દાંતા મહિલા સરપંચ સહિત ૯ શખ્સો સામે થઈ એટ્રોસિટીની ફરિયાદ

## અગાઉની થયેલ એટ્રોસિટી કેસમાં સાક્ષી તરીકે રહેલ રાજેન્દ્રકુમાર માજીરાણા પર કરાયો જાન લેવા હુમલો

અંબાજી, તા. ૩૦

દાંતા મહિલા સરપંચ સહિત મને ખબર છે તેમાં તેમના જેઠ તેમજ અન્ય સાત ઈસમો સાથે મળીને તે રાજેન્દ્રભાઈ માજીરાણા આરોપીના ઘર આગળથી પસાર થઈ રહ્યા હતા. તે વખતે બકાજી ઠાકોર તથા તેમના પત્ની શોભાબેન દાંતા વકીલ પદમસિહ બકાજીના ઘર આગળ ઉભેલા હતા. તે દરમિયાન રાજેન્દ્રભાઈ માજીરાણા પડિકી લેવા જતા હતા. જયાં ઊભેલા ત્રણ જણા તેઓ રાજુભાઈને કહેવા લાગેલ કે તુ પ્રહલાદ પરમારે કરેલ એટ્રોસિટીના કેસમાં સાક્ષી છે. તો મારા ઘર આગળથી કેમ નિકળે છે. તેમ કહી તમામ આરોપી ગેરકાયદેસર મંડળી બનાવીને ધોકા. પથ્થર, તલવાર, કુહાડી, પાઈપ જેવા જિવલેણ હથિયારો ધારણ કરીને ગેરકાયદેસર મંડળી બનાવી રાજેન્દ્રભાઈના ઘરમા ગેરકાયદેસર પ્રવેશ કરી માર મારી તેમજ છુટા પથ્થરો મારીને ઘરને પણ નુકશાન કરી જાતીય વિષયક અપમાનજનક શબ્દો બોલી જાનથી મારી નાખવાની જાસા ધમકીઓ આપી ગુનો આચરેલ છે. તેમજ બકાજી રાજેન્દ્રકુમારને માર મારી રહ્યા હતા તેવામાં તેમના પુત્ર વચ્ચે છોડાવા જતા બકાજીએ ધારણ કરેલ લોખંડની પાઈપ રાજેન્દ્રકુમારને માથાના ભાગે મારતા લોહી નિકળતા તેમના પુત્રો ઘરે રાજેન્દ્રકુમારને લઈને ગયેલા. જેની થોડિક જ ક્ષણોમા આ તમાન આરોપી ફરીથી ફરિયાદીના ઘરે જઈને ઘર પર હુમલો કરેલ અને ઘરમા ઘુસી જઈને સરસામાન વેરવિખેર કરી નાખેલ અને જતા જતા. આરોપીઓ કહેતા ગયા અને જાતિ વિષયક શબ્દો ઉચ્ચારતા હતા કે તમને મારા મોહલ્લામાં રહેવા નહી દવુ. ગામ છોડીને જતા રહેજો નહીંતર જાનથી મારી નાખીશુ. તેવી ધમકી આપતા હતા. તે દરમિયાન અમારા સબંધિતો અમારા ઘરે આવી પહોંચી આરોપીને સમજાવીને તેમના ઘરે ઘરે પરત મોકલવામાં આવેલ જે પછી અમે અમારા પિતાજીને સારવાર કરાવવા માટે દાંતા સરકારી સિવિલ ખાતે લઈ ગયેલા જયાં હાજર ડોકટરસાહેબે વધુ સારવાર માટે પાલનપુર હોસ્પિટલ ખાતે રિફર કરેલ છે. જેની આઈ.પી.સી. કલમ ૩૨૪, ૩૩૭, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૫૨, ૪૨૭, ૨૯૪, ૫૦૬(૨) તથા એટ્રોસિટીની કલમ (૩)૧ આર.૩ (૨)(૫)અ મુજબનો ગુનો દાંતા પોલીસ નોંધયાલ છે.

### આરોપીના નામ

(૧) દાંતા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ નિકિતાબેન મનિષ કુમાર ઠાકોર)
(૨) હિતેશ કુમાર ઉર્ફે બકાજી બાબુજી ઠાકૌર
(૩) શોભાબેન હિતેશકુમાર ઠાકોર
(૪) પદમસિહ પઢિયાર, વકિલ
(૫) મનિષકુમાર બાબુજી ઠાકોર
(૬) કિંજલબેન હિતેશકુમાર ઠાકર
(૭) અભીષેકકુમાર હિતેશકુમાર ઠાકોર
(૮) ભાવેશ ભરતકુમાર ઠાકોર
(૯) રાજેન્દ્રસિહ જયસિંહ ભાટી, તમામ રહે. દાંતા

દાંતા ગામમાં મળતી માહીતી મુજબ દાંતા ગ્રામ પંચાયતનો વહિવટ ખાડે ગયેલ છે. અવારનવાર સભ્યો અને સરપંચનો તેમજ સરપંચના જેઠ અથવા આમંત્રિત મહેમાન પદમસિહ વકીલ દ્વારા સામાન્ય સભાની મિટિંગમાં પણ હાજર રહી હોબાળા કરે છે. જેથી સભ્યોએ દાંતા ગ્રામ પંચાયતની મીટીંગમાં હાજર રહેવા અગાઉ પણ પોલીસ પ્રોટેકશન લઈને હાજર રહેવુ પડયુ છે. દાંતા ગ્રામ પંચાયતનો વહિવટ મહિલા સરપંચના જેઠ કરી રહ્યા છે. તેવા આક્ષેપો પ્રતિઆક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

# દિવાળી સુધારવા માટે ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસર સહીત આરોગ્યની ટીમે દરોડાનું નાટક કર્યું

ધાનેરા વિસ્તાર ની તમામ પીએચસી ઉપર લેખિત માં સૂચના આપી છે ધાનેરા વિસ્તાર ના



ગામડામાં ડોકટરો દવાખાના ખોલીને બેઠા છે તેમની તાપસ કરો અને જે ડિગ્રી વાળા છે તેમનું રજીસ્ટર કરો અને ડિગ્રી વગર ના ડોકટરો સામે કાયદેસર ની એફઆરઆઈ દાખલ કરો: પુનમારામ ચૌધરી પુનમારામ ચૌધરી નો સ્વભાવ બદલાયો :બોગસ ડોકટરો સામે મારે કાર્યવાહી નથી કરવાની મને ઉપર થી સૂચના મળશે તો જ હું કાર્યવાહી કરીશ :પુનમારામ ચૌધરી ડોકટર ને ભગવાન નું બીજું રૂપ માનવામાં આવે છે પરંતુ ડોક્ટર ના નામે ગરીબ અને ભોળી પ્રજા ના આરોગ્ય સાથે ખિલવાડ મોટી માત્રા માં પૈસા પાંડવતાં ઊંટવૈદો હાટડીઓ આજે પણ ધાનેરા વિસ્તાર સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા ના ગામડે ગામડે ધમધમી રહી છે અને ભોળી અને ગરીબ પ્રજા ના આરોગ્ય સાથે ભારે ચેડાં થઈ રહ્યા છે અને તંત્ર મૂંગા મોઢે તમાશો જોઈ રહ્યું છે. થોડા દિવસો અગાઉ ધાનેરા તાલુકા ના ડુંગડોલ ગામે એક ડોક્ટર ને ત્યાં ધાનેરા બ્લોક હેલ્થ ઓફિસર પુનમારામ ચૌધરી સહીત ની આરોગ્ય ટીમે દરોડા પાડી તાપસ હાથ ધરી હતી અને મોટી સંખ્યા માં દવાનો જથ્થો ઝડપી કાયદેસર ની કાર્યવાહી પણ કરી હતી તેનાથી અન્ય બોગસ ડોક્ટરો માં ફફડાટ મચી ગયો હતો અને કેટલાક ડોક્ટરો તો પોતાની હાટડીઓ બંધ કરી પલાયન પણ થઈ ગયા હતા અમારી ટિમ ધ્વરા



ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસર પુનમાંરામ ચૌધરી નો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે કે અમોએ ધાનેરા વિસ્તાર ની તમામ પીએચસી ઉપર લેખિત માં સૂચના આપી છે ધાનેરા વિસ્તાર ના ગામડામાં ડોક્ટરો દવાખાના ખોલીને બેઠા છે તેમની તાપસ કરો અને જે ડિગ્રી વાળા છે તેમનું રજીસ્ટર કરો અને ડિગ્રી વગર ના ડોકટરો સામે કાયદેસર ની એફઆરઆઈ દાખલ કરો અને વધુ માં જણાવ્યું હતું કે બોગસ ડોકટર કોઈ અમારી જાણ માં આવે તો અમે તેની સામે તાત્કાલિક એફઆરઆઈ જ દાખલ કરીએ છીએ.

# અંબાજીમાં યોજાઈ વીએચપીની બેઠક, અયોધ્યામાં રામ મંદિર માટે સંતોનો કર્યો સંપર્ક

અંબાજી, તા. ૩૧

ગુજરાત અને ભારતદેશનું લોકપ્રિય શક્તિપીઠ અંબાજી જગ વિખ્યાત ધામ છે આ ધામમાં માતાજીના ભક્તો દર્શન કરવા માટે આવતા હોય છે અને આ નગરમાં વિવિધ સંગઠનો તરફથી જાહેર સભા અને મિટિંગો પણ થતી હોય છે. ત્યારે તાજેતરમાં અંબાજી નગરમાં માનસરોવર પાસેની ધર્મશાળામાં વીએચપીની જાહેર મિટિંગ યોજાઈ હતી. જેમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ હાજર રહ્યા હતા સાથે ગ્રામજનો અને વિવિધ આગેવાનો પણ હાજર રહ્યા હતા.

અંબાજીની જેકોરબા ધર્મશાળામાં વીએચપીની જાહેર મિટિંગ યોજાઈ હતી. જેમાં બાલકૃષ્ણ નાયક રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ વીએચપી, ઉત્તર ગુજરાતના પ્રાંત મંત્રી કીર્તિભાઈ મહેતા, ગાંધીનગર



ધાર્મિક જીલ્લા સંયોજક રાકેશભાઈ શર્મા હાજર રહ્યા હતા સાથે અંબાજીના અગ્રગણ્ય નાગરીકો પણ હાજર રહી મીટિંગની શોભા વધારી હતી. આ મિટિંગમાં અયોધ્યામાં રામ મંદિર માટે સંતોનો સંપર્ક કરી જલ્દી રામ મંદિરનું નિર્માણ થાય તે મુદ્દાઓ પણ ચર્ચા કરવામાં આવી હતી. સાથે કોટેશ્વર મહાદેવના મહંત વિશ્વંભરદાસજી મહારાજ અને વિશ્વના મહંત ચુંદડીવાળા માતાજી સાથે વિભિન્ન મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમની આભારવિધિ આલોક મહારાજે કરી હતી.

# ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે એન.આર. એ. વિદ્યાલયના પટ્ટાંગણમાં રન ફોર યુનિટીનો કાર્યક્રમ વહેલી સવારે યોજાયો હતો.ભારત દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી,૩૧મી ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવા માટે રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા મામલતદાર વસંતકુંવરબા પરમાર, ટી.ડી.ઓ. આર.આર.બરજોડ, નાયબ માલતદાર નરેન્દ્રભાઈ ચૌધરી, જયમીનભાઈ પટેલ, વહીવટી તંત્રના અધિકારીઓ, રોહિતભાઈ ત્રિવેદી, કાંતીલાલ પટેલ, આચાર્ય વી.ટી.ચૌહાણ, ડી.બી.ચૌબીસા, રમણભાઈ પટેલ, વિદ્યાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.